Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૧૭૨૭૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૨/૦૯/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર સંચાલિત

# જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર

Government of Gujarat

પહેલો માળ, સુડા ભવન, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭

E-mail : dsdo-surat@gujarat.gov.in


ક્રમાંક/ડી.એસ.સી.સી. 770 વ1 728/2023 તારીખ : 22-09-2023

પ્રતિ,

૧.આચાર્યશ્રી, માધ્યમિક, ઉચ્ચ.માધ્યમિક શાળાઓ, તમામ જિ.સુરત

૨.શાસનાધિકારીશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરત

**વિષય :-** ખેલ મહાકુંભ૨.૦ અંતર્ગત રજીસ્ટ્રેશનના કર્ટેન રેઇઝર કાર્યક્રમનું લાઇવ ટેલિકાસ્ટ શાળાકક્ષા/કોલેજકક્ષાએ કાર્યક્રમ નિહાળવાનું આયોજન કરવા બાબત

**સંદર્ભ :-** માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના પત્ર ક્રમાંક: નં.૧૭૮૫૧-૧૭૯૨૪, તા. ૨૧/૦૯/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ગુજરાત સરકારશ્રી દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત રજીસ્ટ્રેશનના કર્ટન રેઈઝર કાર્યક્રમનું લાઇવ ટેલિકાસ્ટ માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૨૩/૦૯/૨૦૨૩ના રોજ ૧૬.૩૦ કલાકે શ્રી શકિત ગ્રીન્સ એન્ડ કન્વેન્સન સેન્ટર, વૈષ્ણોદેવી સર્કલ પાસે, કેડી હોસ્પીટલની બાજુમાં, અમદાવાદ ખાતે ખેલ મહાકંભ ૨.૦ " કર્ટન રેઈઝર " કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત જે અંતર્ગત ગુજરાતના દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ લાઇવ ટેલીકાસ્ટ ગુજરાત સરકાર દ્વારા " વંદે ગુજરાત " કાર્યક્રમ અંતર્ગત પ્રસારીત થતી ટી.વી. ચેનલ " વંદે ગુજરાત-૧ " ઉપર DD FREE DTHના માધ્યમથી અને ઉપરાંત બધી ચેનલો DISH TV DTH (ચેનલ નં.૨૩૬૧) તથા YouTube એપ્લીકેશનની CMOGUJARAT અને Sports Authority of Gujarat ચેનલ પર લાઇવ હોય જેથી સુરત જિલ્લાની શાળાકક્ષા/કોલેજકક્ષાએ ૫૦-૧૦૦ લોકો પ્રસારણ નિહાળી શકે તે માટેની જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની થાય છે. જેથી શાળાકક્ષા/કોલેજકક્ષાએ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળી શકે તે માટે શાળા/કોલેજના આચાર્યશ્રીને જરૂરી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનના કર્ટન રેઇઝર કાર્યક્રમના લાઇવ ટેલીકાસ્ટમાં વિદ્યાર્થીઓ,યુવાનો, ખેલાડીઓ, શિક્ષકશ્રીઓને ૫૦-૧૦૦ લોકોની સંખ્યામાં કાર્યક્રમ નિહાળવાનો રહેશે. તેમજ શાળા/કોલેજદીઠ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ વ્યકિતઓની સંખ્યા, ફોટો સાથેનો અહેવાલ dsdo-surat@gujarat.gov.in, ઉપર મોકલી આપવાનો રહેશે.

4368

જિલ્લા રમત ગમત અધિકારી
સુરત

જિલ્લા રમત વિકાસ અધિકારી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u>

૧. માન. મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરત

૨. માન.જિલ્લા કલેકટરશ્રી, કલેકટર કચેરી, સુરત

૩. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત

૪. માન.પ્રાંત અધિકારીશ્રી, તમામ જિ. સુરત

૫. માન.મામલતદારશ્રી, તમામ તાલુકા જિ. સુરત

૬. માન.તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ તાલુકા જિ. સુરત

૭. પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ મંડળ સુરત